# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-12-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટની પૂર્વ તૈયારી માટે સમીક્ષા બેઠક

**વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ અંતર્ગત કચ્છની જિલ્લા કક્ષાના વાઈબ્રન્ટ પ્રોગ્રામનું આયોજન આગામી તા. 2 જાન્યુઆરીના કરાશે. વહીવટી તંત્ર, દિન દયાલ પોર્ટ ઓથોરીટી, ડી.પી. વર્લ્ડ ફોકીયા, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના સંયુકત ઉપક્રમે આયોજીત કાર્યક્રમ દરમ્યાન ઔદ્યોગિક એકમો, વ્યાવસાયીક એકમો, અને સંલગ્ન વ્યવસાયકારોને મંચ પુરો પાડવામાં આવશે. ગાંધીધામ ખાતે આયોજીત વાઈબ્રન્ટ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ સંદર્ભે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન, મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ, વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓની સહભાગીતા, નોલેજ સેગમેન્ટ સેમિનાર, ઔદ્યૌગિક એકમો અને વ્યાવસાયીક એકમો દ્વારા પ્રદર્શન, તેમજ એમ.આ.યુ અંગેના આયોજન સહિતી સમીક્ષા કરાઈ હતી. જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન પુરું પાડીને દરેક કાર્યક્રમ સુચારું રીતે યોજાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.**

**-----------------------------------------------------------------------------------**

## વિશેષ ગ્રામ સભાઓનું આયોજન

**સમગ્ર દેશની સાથે રાજ્યમાં નવી વિકસિત ભારત ગેરેન્ટી ફોર રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ એટલે કે વી.બી. – જી – રામ –રામજી યોજના અંગે જનજાગૃતિ લાવવા ફરજિયાત ગ્રામસભાઓ યોજવાના આદેશને પગલે ધમધમાટ જોવા મળી રહ્યો છે. રાજ્યની 14,017 જેટલી તમામ ગ્રામ પંચાયતોમાં આવતીકાલ સુધીમાં નવી યોજના અંગે જનજાગૃતિ લાવવા ગ્રામ સભાઓના આદેશ અંતર્ગત જી – રામ – જી યોજના અંગે વિશેષ ગ્રામસભાઓના**

આયોજન શરૂ કરાયા છે, જ્યારે આવતીકાલ સુધી તમામ ગ્રાસભાઓને આવરી લેવાનો લક્ષ્યાંક રખાયો છે. આ ખાસ ગ્રામસભાઓમાં ગ્રામજનો, મજૂરો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ પરિવારો, અન્ય નબળા વર્ગોની સક્રિય ભાગીદારી દ્વારા લાભાર્થીઓના હક્ક, જોગવાઇઓ અને લાભોની વ્યાપક સમજ આપવા તેમજ તેનું સંપૂર્ણ દસ્તાવેજીકરણ કરવા સૂચના અપાઇ છે.

---------------------------------------------------------------------------------------

## વીર બાળ દિવસની ઉજણી અંગે બેઠક

વીર બાળ દિવસની ઉજવણીના આયોજન અંગે જિલ્લા મથક ભુજ ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં સાંસદ વિનોદ ચાવડા અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે વિગતો આપતા જણાવ્યું હતું કે, શીખ ધર્મના ૧૦માં ગુરુ ગોવિંદસિંહજીના સાહિબજાદાઓના બલિદાનની સ્મૃતિમાં ઉજવાતા વીર બાળ દિવસ નિમિત્તે લખપત ગુરુદ્વારાથી વિશેષ સ્મૃતિયાત્રાનો પ્રારંભ થશે. આ યાત્રા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરીને આદિપુર ગુરુદ્વારા ખાતે સંપન્ન થશે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લાના ૧૨ ગુરુદ્વારાઓમાં કીર્તન અને લંગરના કાર્યક્રમો યોજાશે, તેમજ વિવિધ સ્પર્ધાઓના ૧૦૦૦ જેટલા વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે. અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી અને સુશાસન દિવસના ઉપલક્ષમાં માધાપર ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે અટલજીની પ્રતિમા અને અટલ વનનું લોકાર્પણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## અટલબિહારી વાજપેયીજીની જન્મજયંતીની ઉજવણી

દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્નથી સન્માનિત સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીની **101** મી જન્મ જયંતિ નિમિત્તે આજે સમગ્ર જિલ્લામાં જિલ્લા ભાજપ દ્વારા વિવિધ સેવાકીય અને સંગઠનાત્મક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જિલ્લા મથક ભુજ ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે આ દિવસને માત્ર એક દિવસની ઉજવણી ન બનાવતા જન સેવાના સંકલ્પ તરીકે ઉજવવા અનુરોધ કરાયો હતો.

**સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે સમગ્ર જિલ્લામાં ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુથી ટીબી કિટનું વિતરણ યુવાનો માટે રમત ગમતના કાર્યક્રમો સહિત સમાજ સેવાની પ્રવૃતિઓ કરાઇ હતી.**

**--------------------------------------------------------------------------------------------**

## નાતાલ પર્વની જિલ્લામાં થઇ રહેલી ઉજવણી

**રાષ્ટ્રપતિ દ્રૌમદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશને નાતાલ પર્વની શુભેચ્છાઓ પાઠવી છે ત્યારે સમગ્ર દેશની સાથે જિલ્લામાં પણ આજે નાતાલ પર્વની ઉજવણી વિશેષ પ્રાર્થના સહિત હર્ષોલ્લાસ સાથે એક બીજાને શુભેચ્છા પાઠવી કરાઇ રહી છે. ઇસુ ખ્રિસ્તની જન્મજયંતી એટલે કે, નાતાલના પર્વ પ્રસંગે જિલ્લા મથક ભુજમાં સેન્ટ મેરીસ ચર્ચમાં ગઇકાલે પૂર્વ સંદેશના  વિશેષ કાર્યક્રમ અંતર્ગત ખ્રિસ્તી સમુદાય દ્વારા માનવજાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે વિશેષ પ્રાર્થના યોજાઇ હતી. સમગ્ર ચર્ચ પરિસરને આકર્ષણ, રોશની અને રંગબેરંગી ફૂલો અને પરંપરાગત સજાવટથી શણગારવામાં આવ્યું છે.**

**--------------------------------------------------------------------------------------------**

## ભુજ-મુંબઇ ટ્રેનો માટે તાત્કાલ બુકિંગ સિસ્ટમમાં OTP પ્રમાણિકરણ લાગુ

**ભુજને મુંબઈથી જોડતી કચ્છ એકસપ્રેસ સહિત અમદાવાદ મંડળમાંથી ચાલતી વધુ ત્રણ ટ્રેનો માટે ઓટીપી પ્રમાણિકરણ આજથી લાગુ કરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડની સૂચનાઅનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ ઓટીપી તે મોબાઇલ નંબર પર મોકલવામાં આવશે, જે મુસાફરે બુકિંગ સમયે આપ્યો હશે. ઓટીપીનું સફળ સત્યાપન થયા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે. નવી પ્રણાલી કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટરો, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઈટ તેમજ આઈઆરસીટીસી મોબાઇલ એપ્લિકેશન**

**મારફતે કરવામાં આવેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ પડશે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને બુકિંગ સમયે માન્ય મોબાઇલ નંબર અવશ્ય ઉપલબ્ધ કરાવવા અનુરોધ કરાયો છે.**

**------------------------------------------------------------------------------------------**